R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 54 Issue No. 11 February - 2011

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## હિરક જ્યંતિ વર્ષ

અસત્ય મહા ભયંકર છે કારણ કે તેને સત્યનો જ આધાર લેવો પડે છે. હડહડતું જુઠું બોલનાર પણ કહે છે કે,''હું ઈશ્વરના સોગંદ ખાઈને કહું છું કે, હું સાચું બોલું છું.'' આ જ બતાવે છે કે અસત્યને અસ્તિત્વ નથી. સત્યનો વિનાશ થતો જ નથી. ફક્ત સત્યને પારખળા ઝીણવટવાળી વિવેકદૃષ્ટિની જરૂર છે. વિપત્તિ જોઈને હાયવોય ન કરો, ધીરજ અને દૃઢતાથી તેનો સામનો કરો.

– સંકલન

**2nd Cover Page**



વિજેતા ટીમની ટ્રોફી સાથે વિજેતા ટીમના ઓનર તથા કેપ્ટન તેમજ ટ્રોફીના દાતાના પરિવારજનો, કન્વીનર



શ્રી બાલાસિનોર નવયુવક સંઘના હોદ્દેદારો તથા બી.પી.એલ. કમિટિ મેમ્બરો

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૪ | ૧૧ | ૧૪-૦૨-૨૦૧૧ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

*

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

**ટે.**(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

*

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# મુંઝવણ

**તંત્રી સ્થાનેથી**

એક સાંજે ઘરમાં પત્ની અને પુત્રનો વાર્તાલાપ સાંભળતો હતો.

પુત્રીઃ બેટા, રાતે જમવામાં શું બનાવું ? ભાખરી શાક કરુ ?

પુત્ર : મમ્મી કંઈક સારું બનાવને, પાઉંભાજી કે બર્ગર બનાવ.

પત્ની : કાલે તો સેન્ડવીચ ખાધી રોજ રોજ પાઉં સારા નહી.

પુત્રઃતો પછી ઈડલી વડા બનાવ, ઢોસા પણ ચાલશે.

પત્ની : એના માટે તો પહેલેથી તૈયારી કરવી પડે, દાળ પલાળવી પડે.

પુત્ર : તો એમ કર પીઝા ઓર્ડર કરી નાખું

પત્નીઃ બસ તને તો રોજે રોજ બહાર ખાવા જોઈએ છે. ફાસ્ટ ફુડ રોજ સારું નહી સાંભળ્યું છે ને Few moments on your lips Forever on your Hips.

પુત્ર : તો એમ કર તારે જે બનાવવું હોય તે બનાવ.

અચાનક બન્ને જણ એક સાથે મારી તરફ ફર્યા ''પપ્પા કહે તે બનાવ.'' આ એક મોટું ધર્મ સંકટ હતું, ભાખરી શાક કહું તો દીકરો નારાજ થાય અને બીજું કંઈ કહું તો પત્ની મારી હાલત યુધિષ્ઠીર જેવી થઈ ગઈ.

ઘણીવાર પત્ની નવી આઈટમ બનાવે અને આપણને ચખાડીને પુછે કેવું થયું છે ? વાનગીનું નામ પણ ન આપે, ખબર પણ ન પડે કે આ છે શું ? અને જવાબ આપવાનો કે કેવું છે ? ફરી પાછું એજ ધર્મસંકટ, ''સારું કહીએ તો જમવામાં વધારે ખાવું પડે.'' ભાવ્યું ને ? તો લોને વધારે અને ખરાબ કહીએ તો એના નવી વાનગી બનાવવાના

ઉત્સાહ ઉપર પાણી ફરી વળે. એટલે ડીપ્લોમેટીક જવાબ આપવો પડે. ડીફરન્ટ છે. ખ્યાલ નથી આવતો, સારું છે પણ શેનું બનાવ્યું છે ? નામ શું આપ્યું છે.

આવીજ મીઠી મુંઝવણ બે બાળકો ઝગડે અને ન્યાય લેવા આપણી પાસે આવે ત્યારે થાય, કોનો પક્ષ લેવો ? કોઈ એક ને પણ નારાજ કર્યા વગર ન્યાય તોલવો મુશ્કેલ હોય એટલે ફરી એજ મીઠી મુંઝવણ. પણ આજ વસ્તુ બાળકને બરાબર ખબર હોય છે. તને પપ્પા ગમે કે મમ્મી એનો જવાબ બાળક નાજ આપે અથવા કહે બન્ને ગમે. કારણ કે એને ખબર છે બેમાંથી એકેને નારાજ કરવું પોષાય નહી. સ્કુલમાં કોક મિત્રએ મસ્તી કરી હોય અને ટીચર પુછે તો નામ ધરાર ન જ અપાય આખા ક્લાસને ભલે શિક્ષા થાય, મિત્ર સાથે દગો ન કરાય જોકે આ બધી મીઠી મુંઝવણમાં ક્યારેક સાચું બોલવું પણ પડે તો પણ સામેવાળાની નારાજગી બહુ લાંબી ન ચાલે અને જવાબ ન આપીએ તો પણ મનમાં અજંપોતો ના જ રહે.

પરંતુ આપણી આ નાનકડી દુનિયાની બહાર વાસ્તવિક્તા જુદી હોય છે. જેસીકા મર્ડર કેસમાં બસો માણસની હાજરીમાં ખુન થયું છતાં કોઈ સાચી વાત કહેવા આગળ ન આવ્યું. કારણ કે બધાને ભય હતો. આમાં આપણે ક્યાં ફસાવું ? કોઈને આપણે દુશ્મન શા માટે બનાવવા, પોલીસના લફડામાં કોણ પડે ? દિલની વાત દિલમાં દફનાવી દેવી સારી.

મંડળોમાં પણ ઘણીવાર આવી પરિસ્થિતી આવે, કોક કાર્યક્રમ યોજવા બાબતમાં મીટીંગ હોય, મોવડીમંડળ પહેલેથી બધુ નક્કી કરીને આવ્યું હોય છતાં પુછાય 'શું કાર્યક્રમ રાખીશું ?' 'મુખ્ય મહેમાન કોને બનાવીશું ? કોઈ ભલે ગમે તે સજેશન આપે નાટક કે ઓરકેસ્ટ્રાનું નામ સુધ્ધા નક્કી હોય, આપણને કહેવાનું મન થાય કે દર વખતે પૈસાવાળા મુખ્ય મહેમાન જ શા માટે ? કોકવાર સારા કાર્યકર્તા કે સારા ભણેલા, ગણેલા, નીવડેલા લોકોને મુખ્ય મહેમાન ન બનાવાય ? પણ અહી હેતું જુદો હોય, પ્રતિષ્ઠિત મુખ્ય મહેમાન હોયતો સંસ્થાની શોભા વધે, વધુ દાન અથવા સ્પોર્ન્સર શીપ મળે, એમનું બહોળુ મિત્ર વર્તુળ અને સગાં વ્હાલા આવે, હોલ ભરાય વગેરે વગેરે, એમના નામ પણ નક્કી હોય, હવે સામે કોક મિત્ર હોય, કોક સગાં હોય અથવા બે આંખની શરમ નડે એવા કોક માનનીય વડીલ હોય ત્યારે એમની વાતને સંમતિ આપી ચુપ રહેવું જ પડે.

ચુંટણીમાં સારો ઉમેદવાર એક બાજુ હોય અને બીજી બાજુ પેનલમાં સંસ્થાના ૧૫-૨૦ વર્ષ જુના જમાઈ જેવા શોભાના ગાંઠીયા હોય તો પણ જાહેરમાં તો કોઈનો વિરોધ ન જ કરાય. કારણકે રોજનું સાથે ઉઠવાનું બેસવાનું, સંબંધ બગડી જાય તો કેમ પોષાય ? ચુપચાપ થાય તે જોયા કરવાનું.

મંડળમાં બે જણ વચ્ચે વિવાદ થાય ત્યારે પણ એવું જ થાય એક બાજુ સગાં હોય ને બીજી બાજુ મિત્ર જાહેરમાં કોનો પક્ષ લેવો એની મુંઝવણ થઈ જાય.

કોક ડાન્સ કોમ્પીટીશનમાં જજની પેનલમાં આપણને બોલાવ્યા હોય અને આયોજકો કહે કે પ્રમુખશ્રીના પત્ની અને દીકરીએ પણ ભાગ લીધો છે એમને તો એકાદ ઈનામ આપવાનું જ છે. બન્ને નો પરફોર્મન્સ જોઈને ભલે બધાજ પ્રેક્ષકો દુઃખી દુઃખી થઈ ગયા હોય પણ પેનલના બીજા જજો અને આયોજકોના આગ્રહની સામે આપણું કેટલું ચાલે ? અને પાછું કંઈક બોલીશું તો ભવિષ્યમાં જજ બનવા માટે આપણા નામ ઉપર ચોકડી લાગી જશે. એટલે ત્રીજા ઈનામ માટે પણ કમને સંમતિ તો આપવી જ પડે.

ગ્રુપોમાં પણ એવું જ, અમુક લોકો સાથે સારા સારી રાખવી પડે. લઘુમતિથી લેવાયેલા નિર્ણયો પણ

સ્વીકારવા પડે, છોડી ગયેલા અથવા કાઢી મુકાયેલાઓનો પક્ષ લઈને કંઈક કહેવાની કોશિશ કરી તો તમે પણ આઉટ, ગ્રુપને મિત્ર વર્તુળ માનવાની ભુલ ભારે પડી શકે. ફરી ન બોલવામાં નવ ગુણ.

ધર્મની બાબતમાં પણ એવું જ, ભગવાન ઉપર સંપુર્ણ શ્રધ્ધા હોય પણ ધર્મગુરુઓ અને ધાર્મિક જબરજસ્તી કે માન્યતાઓના દુશ્મન હોઈએ, રૂઢિઓને ન માનતા હોઈએ, પણ કોકની ધાર્મિક લાગણી ઓ દુભાશે એવા ડરથી ચર્ચામાં ભાગ જ ન લેવો સારો. બાકી અગીયારસમાં શું ખવાયને શું ન ખવાય એની નામાવલી કયા શાસ્ત્રમાં છે અને શેના આધારે છે એનો જવાબ મને હજી સુધી મળ્યો નથી. પણ બહુમતી સામે ચર્ચા કેવી રીતે કરવી ? અને શા માટે કરવી ?

કુટુંબમાં પણ એક સગાંનો સાચી રીતે પક્ષ લઈએ તો બીજો આપણને દુશ્મન સમજી લે અને સંબંધો વણસી પણ જાય એટલે સબસે બડી ચુપ.

ઘર હોય કે સમાજ. આપણે આપણો સ્પષ્ટ મત અથવા તો અભિપ્રાય આપવાની શક્તિ ગુમાવી બેઠા છીએ. કોઈ પણ પરિસ્થિતિમાં પ્રતિસાદ આપવાનું આપણે ટાળીએ છીએ. સત્યનો પક્ષ નિર્ભયતાથી લઈ શકતાં નથી. આપણા વિચારો શહેરમાં પ્રદર્શિત કરી શકતાં નથી અથવા તો મોટા ભાગે મુંગા રહેવાનું પસંદ કરીએ છીએ. કારણકે આપણે ડરીએ છીએ. આમ ડગલે ને પગલે આપણા મત આપીશું તો જીંદગી હરામ થઈ જશે. સગાંવ્હાલા રિસાઈ જશે ને મૈત્રી સંબંધો તુટી જશે. ન તુંટે તો પણ કડવાશ તો આવી જ જશે. કોક વાંચક કહેશે 'તમે તો તંત્રી સ્થાનેથી તમારા મત જાહેરમાં પ્રદર્શિત કરી શકો છો' વાત સાચી છે ઘણીવાર કરી પણ લઉં છું, આ એક માધ્યમ મળ્યું છે મારા સ્પષ્ટ વિચારો ને મુકવાનું. પરંતુ આ એક સામાજીક જવાબદારી છે એમાં મર્યાદા જાળવવીજ પડે. હોદાઓને માન આપવું પડે છે. સમાજના અને સંસ્થાના હિતમાં ઝુકવું પડે છે. ચુપ રહેવું પડે છે. ખુલાસાઓ કરવા પડે છે. ખેર આતો મારી વાત થઈ પરંતુ એક વાત નક્કી છે જો જાહેર જીવનમાં ન હોઈએ અને શોશીયલી બહુ મોટું સર્કલ ન હોય તો આવી મુંઝવણમાંથી બચી પણ જવાય કારણકે ઘરની બાબતોમાં તો ન બોલવામાં મીઠી મુંઝવણ હોય છે પણ જાહેર જીવનમાં આવી મુંઝવણ વારેવારે જીરવવી બહુ મુશ્કેલ હોય છે. મન મારીને જીવવું અસહ્ય થઈ જાય છે. આના બે ઉપાય સુઝે છે.

એક સમાજની અને લોકોની ઐસી કી તૈસી કરીને એનાથી વિખુટા પડી જવાનું રૂઢિઓ, રિવાજો અને પ્રથાઓને ફગાવી દઈને સમાજનો બહિષ્કાર કરી દેવાનો અથવા તો માપસર હસવાનું, માપસર બોલવાનું, ઝાઝું ચુપ રહેવાનું, થોડું અંતર રાખવાનું અને યુધિષ્ઠિરની જેમ નરોવા કુંજરોવા બોલતાં શીખી જવાનું. મેં વચ્ચેનો રસ્તો અપનાવ્યો છે મત પ્રદર્શિત કરી લઉં છું. સ્પષ્ટ રીતે બોલી લઉં છું પણ ફક્ત મારું કહેલું સ્વીકાર થાય એવો આગ્રહ નથી રાખતો. પણ ક્યારેક પહેલો રસ્તો અપનાવવાનું મન થઈ જ જાય છે.

**- નિખિલ પરીખ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## દાતાનો આભાર

પુત્રી ભુમિકા તથા પુત્ર મિતુલના લગ્ન પ્રસંગે ગૌરી મિતુલ કડકીઆ હસ્તે પારૂલ શૈલેશ નટવરલાલ કડકીઆ ધંગેલા પરિવાર તરફથી શ્રી બાલાસિનોર નવયુવક સંઘને રૂા. ૧,૧૧,૧૧૧ પ્રાપ્ત થયા છે. સંસ્થા દાતા પરિવારનો આભારી છે.

**- મંત્રી - મંજુલ ધારીઆ**

# સૌથી મોટો સમયપાલક ભગવાન

**- રાજેશ કડકીઆ**

સમયની ચોકસાઈની બાબતમાં ભગવાની તોલે કોઈ ન આવે. નિર્ધારીત સમયે નિર્ધારીત તમામ કામ ભગવાન પૂર્ણ કરતાં હોય છે. એક પળ વિપળની આધી પાછી ન થાય. ભગવાન આવો સમયનો ચુસ્ત પાલન કર્તા છે. એજ ભગવાનનાં દર્શન કરવા મંદિરે પહોંચવામાં આપણે ભાગ્યેજ સમયસર ઉપસ્થીત રહીએ છીએ. મંદિરેતો ગમે ત્યારે જવાય. ભગવાન કંઈ ઓફીસનો બોસ થોડો છે? ટ્રેન પકડવામાં ઓફીસે કે દુકાને જવામાં કેટલી સમયની ચોકસાઈ આપણે રાખીએ છીએ. તેટલી ચોકસાઈ દેવદર્શન માટે રાખવી આવશ્યક છે. પણ એ વીશે આપણે એટલાં ગંભીર નથી જ આપણે જાણીએ છીએ કે મોડા આવવા વિશે ભગવાન કંઈ ખુલાસો પૂછવાનો નથી. આટલી વાત તો સમયની ચોકસાઈ વિશેની થઈ. પરંતુ આપણી રોજિંદી દિનચર્યામાં જેને આપણે આપણો તારણહાર (અને ખરેખર છે જ) માનીએ છીએ તેને માટે કે તેની સાથે આપણે કેટલો સમય વિતાવીએ છીએ? કેટલો સમય ફાળવીએ છીએ?

સંસાર માંડીને બેઠાછીએ એટલે સંસાર ચાલતો રહે એ માટેય સમય જરૂર ફાળવવો જ રહ્યો. પરંતુ મોજશોખ પાછળ જે કિમતી સમય વેડફાય છે એતો ભગવનનાં સમયનો જ દુરૂપયોગ કરાય છે, અને રોજ કલાકોમાં વેડફાતો આ કિમતી સમય કદિય પાછો નથી આવતો. ભગવાને આપેલા આ મહામૂલા જીવનનું દેવું વધતું જ જાય છે. સમયની આ બરબાદી વ્યાપક અર્થમાં સમાજનું તમારા શિર પર વધી રહેલું દેવું જ છે. વ્યાપક અર્થમાં વિચારીએ તો શું સમય જ ભગવાન નથી?

જેઓ અલૌકિક ઉપલબ્ધિ પામ્યાં છે એ મહામાનવ બન્યા છે તે તમામનાં જીવનમાં ડોકિયું કરશો તો જરૂર જાણવા મળશે કે તેઓ સમયની પાબંદી અને ચોકસાઈમાં ભારે કઠોર રહ્યાં છે એક પળ પણ નિરર્થક ન વેડફાય એ વિશે તેઓ સદૈવ જાગૃત રહ્યા છે. જેઓ સમય પાલન અને સમય વપરાશમાં ચુસ્ત છે તેઓ સમયની રંગલીલાને પામી જવા સમર્થ બનતા જાય છે. ટુકડો ટુકડો કરી કોળિયો કરી જાય છે.

એવા કરોડો માણસની પગલાંની છાપ પણ કાળ ભૂંસી નાખતો હોય છે. જે સમયને વફાદાર રહે છે એને જ સમય વફાદાર રહે છે.

આપણાં બાહ્ય જગતનો ઠઠારો એટલો મોટો હોય છે કે આંતર જગતની સમૃદ્ધિ વિશે વિચારવાનો આપણી પાસે સમય જ બચતો નથી.

આપણુ બાહ્ય જગત એટલે પ્રાપ્તિની દોડ. પછી આ દોડ ધન પ્રાપ્તિ, ખ્યાતિ, પ્રતિષ્ઠા, માન, મોભો વગેરેની પ્રાપ્તિ માટે વેડફાતો જીંદગીનો કિમતી સમય. આપણો પોતાનો અભિગમ નાહકના બોજા લઈને ફરવાની ટેવ, પ્રત્યેક પરિસ્થિતીમાં અસંતોષ, અશુભ વિચારો, ધનલાલસા અને પ્રાપ્તિ માટે ટૂંકા રસ્તાની ખોજ, સફળતાનો નશો, નિષ્ફળતાની નિરાશા, રમૂજનાં થિગડાં મારીને જીવવાની ટેવ, ક્યારેક શારીરિક માંદગી, સંબંધોનાં સરવાળા-ગુણાકાર-ભાગાકાર, સલામતીની ઝંખનામાં આપણે એટલાં બધાં વ્યસ્ત ઓતપ્રોત થઈ જઈએ છીએ કે આપણને ભગવાનની ભલાઈ કે ભવ્યતામાં ભાગ્યે જ રસ પડે છે. એ માટેનો આપણી પાસે સમય જ નથી.

પૂ.મહાત્મા ગાંધી માટે એક એક પળ મૂલ્યવાન હતી. એક એક પળ દેશ અને દુઃખિયા માટે વપરાવી જોઈએ એક પળ પણ અન્ય માટે વેડફાવી ન જોઈએ. એ વિશે ગાંધીજી સદા જાગ્રત હતા. રાષ્ટ્રહિત જેમાં સમાયેલું હોય એવા કોઈપણ ધ્યેય માટે સમયનો ઉપયોગ થાય તે જ ઈષ્ટ.

આજે આઝાદી પ્રાપ્ત થયાનાં ૬૨ વર્ષો બાદ

આપણાં દેશની હાલની પરિસ્થિતી ખૂબ જ વિકટ છે. આજે એકબીજાને દગો કરવાની પતિત રાજનીતિ સમગ્ર દેશમાં ખેલાઈ રહી છે, અને પરસ્પર ઘૃણા અને તિરસ્કારની આગ ફેલાવવામાં આવી રહી છે. આજે દેશનાં પ્રશ્નોનો કોઈ નિકાલ થતો નથી અને પ્રજા અંધારામાં અટવાયા કરે છે. રાજનિતિ વધુને વધુ સંકુચિત બની રહી છે. અને રાજકારણીને રાષ્ટ્રની સહેજેય ચિંતામાત્ર નથી જ.

આપણા નેતાઓની પ્રથમ ફીકર પોતાની સત્તા ટકાવી રાખવાની છે. ખરેખર જોવા જઈએ તો આજનો પ્રાણ પ્રશ્ન છે, આંતકવાદનો આપણે સહુ વત્તે ઓછે અંશે આંતકવાદથી પીડા પામી રહ્યા છીએ. આપણાં વામણા તકસાધુ નેતાઓ છાશવારે નીવેદનો માત્ર કરી જાણે છે. અમે આમ કરશું, અને તેમ કરશું. અબ તો આર પારકી લડાઈ કરેગે. આવા ફૂસીયા બણગાં ફેકાયા બાદ આવાં કાયર નેતાઓ ક્યાં ભરાઈ જાય છે તેની કોઈ કાળજી નથી લેતું.

આપણી આમ જનતા એટલી બધી સહિષ્ણુ અને ભૂલકણી થઈ ગઈ છે. આપણે સહુ આપણી અંગત રોજી રોટીની લડાઈમાંથી ઉંચાજ નથી આવતાં કે કોઈને દેશ માટે કશુંક વિચારવાનો કે પોતાનો કિમતી સમયનો ફાળો આપવાની સૂઝ પડે.

આજે આપણાં દેશમાં કંઈપણ રચનાત્મક કાર્ય ભાગ્યેજ થતું જોવા મળે છે.

રોજ ગાંધીજીના નામની દુહાઈ લેવામાં દેવામાં આવે છે. પરંતુ સૌ નેતાઓએ મળીને ગાંધીજીનાં આદર્શ વિચારોને અભરાઈએ ચડાવી દીધા છે. રાજનિતિનું વધુને વધુ સ્વાર્થી કરણ અને ભ્રષ્ટાચારી કરણ થઈ રહયું છે. સમગ્ર દેશમાં આંતકવાદી જૂથો વકરી રહ્યા છે. પ્રદેશવાદ અને ભાષાવાદ બાહુબળને જોરે પોતાનું ધાર્યું લક્ષ્યાંક સિદ્ધ કરી રહ્યાં છે. સમગ્ર દેશની હાલની પરિસ્થિતી એક નિરાશ ધૂંધળી છબી ઉપસાવી રહેલ છે.

આજે ખરેખર તો આપણાં દેશને નેતાજી સુભાષ ચંદ્રબોસ, સરદાર વલ્લભભાઈ પટેલ (લોખંડી પુરુષ) કે લાલ બહાદુર શાસ્ત્રી જેવા કદમાં વામણા પરંતુ કાર્યમાં મહાન એવા નેતાઓની તાતી જરૂર છે. આ કલયુગમાં શું એવો એક નેતા પણ ભારત દેશને પ્રાપ્ત થશે ? ઈશ્વરને હૃદયનાં અંતઃકરણની એકમાત્ર અભિલાષા.

અંતમાં

મેરાભારત મહાન

આવો આજે પ્રજાસત્તાકદિને આપણે સહુ સાથે મળી એક પણ લઈએ કે આપણે સર્વે સંપૂર્ણ નિષ્ઠાથી દેશની એકતા અને અખંડીતતા કાજે આપણે કિમતી સમય તથા ખરા હૃદયની લાગણીથી સત્યનાં આચરણ દ્વારા સતત પ્રગતિ, ઉન્નતિ માટે સંનીષ્ઠ પ્રયાસ કરીએ.

જયહિંદ

# પાપની ચિંગારી

- ઉષા શૈલેષ ધારિયા

ઈંગ્લીશમાં 'સીન' એટલે (Sin), સિન સિનરી નહી, સિન એટલે પાપ. પાપ શબ્દને વિચારતાં એક બિહામણાં રાક્ષસનું રૂપ સામને આવે છે, અને ભાગવતજીના પાઠથી હિરણ્ય કશ્યપુને મારવા પ્રભુજીએ નૃસિંહ ધારણ કરી પ્રભુજીએ બિહામણાં રાક્ષસનું રૂપ ધારણ કર્યું હતું. પાપીનો અંત કરવા તેના પાપને તોલવા નૃસિંહ રૂપ ધારણ કરવું પડયું હતુ. અસલ તો પાપના એ બિહામણાં રાક્ષસને જ આપણે મારવાનો છે. પાપને કોઈ રંગ, રૂપ આકાર નથી છતાં એ બિહામણાં રાક્ષસ જેવું ભયંકર છે. તેની કોઈ વ્યાખ્યા નથી છતાં પાપ અવશ્ય પગલાં પાડતું જ આવે છે. છાનું રહેતું જ નથી. સુક્ષ્મ અણુ જેવું હોય છતાં પાપ એ પાપ જ છે, અને મોટું પાપ કરે એ મહાપાપમાં તોલાય છે. આ મહાપાપ તોલનાર ત્રણ ભુવનનો અધિપતિ પ્રભુજી જ છે. પ્રભુજીને મન પાપનો આકાર પ્રકાર નથી છતાં પ્રથમ શ્રેણીમાં જેને મૂકી શકાય એવું મહાપાપ એટલે જન્મદાતા માતાપિતાનો અનાદર. જે પૂજવા યોગ્ય ગણાય એવા માતાપિતા થકી તમારી કાયામાયા આકારિત થઈ છે. પ્રભુતામાં પગલાં મંડાય ત્યાં સુધી તો માતાપિતા તમારું સર્વસ્વ હોય, અપવાદ રૂપ છોડી દરેક માનવ જીવનને મન, પરંતુ પછી એજ માતા પિતા તમારા માટે પ્રશ્નાર્થ બને છે. આવું કેમ ? એક જૂનું ફર્નિચર હોય તેમ તેની અવગણના થતી રહે છે. જ્યારે માતા પિતાએ તમારા માટે પોતાની જુવાની અને સંપદા ખર્ચી તમને સંવારે છે એના ઉપકારાં ન હોય, પરંતુ અપકારાં પણ ન જ હોય ? પ્રભુજીએ પોતાના સમકક્ષ જાણી માતા પિતાને પૃથ્વી પરે મોકલ્યા છે. માતાપિતાનો અનાદર હાયકારો, આસુઓનો સહેલાબ તમારા જીવનને તાર તાર કરવાને સમર્થ છે અને પ્રથમ શ્રેણીમાં આવે એવું મહાપાપ છે.

બીજી કક્ષામાં મુંગા જીવ પ્રત્યે જો ઓરમાયુ વર્તન હોય એ બીજી શ્રેણીમાં મૂકાય છે. મુંગા જીવ જેને વાચા નથી એ થોડા ઘણા યા ખોરાકની લાલચમાં ફસાય છે. પિંજરે પૂરાય છે યા તેમના ગળામાં પટ્ટા યા ધુંસરી, આવે યા તેની પીઠ પર જીન મૂકાય, તેમની સ્વતંત્રતા છીનવાય, તે સોરાતા રહે અને તમે આપો એજ ખાય પીએ, તેની મરજી આ જીવન ઘુંટાય, એ જીવો વાસનાથી વંચિત બચ્ચાને જન્મ આપે કે બકરીને દૂધ વેંચવા માટે વેંચી દેવાય, જન્મેલાં બચ્ચાને મૂંગા પ્રાણીઓનો હાયકારો પણ તમને પાપના પ્રવાહમાં તરતા કરી દે તો કહેવાય નહિ, પરંતુ એ મુંગા પ્રેમ તમને વાચા જરૂરથી આપે છે. આ પાળેલા જીવોને પ્રેમ મળે પણ સ્વાર્થતાનો આશ્રતિ ક્યારેક પ્રભુજી આપણા જીવને પણ આજ રીતે તોલે તો કહેવાય નહિ. મુંગા જીવોને વાચા નથી, તેની આપવીતી કોને કહે ?

હવે પાપની આલોચના જુદી જ રીતે તોળાય છે. મનસા, કર્મણા, અને કડવી મીઠી ભાષાથી બોલાય, નિહાળાય એ પાપ જાણે અજાણે પણ થાય યા સોચી સમજી, દેખી આચરાય એ પાપ પ્રભુજી અવશ્ય તોલે છે. ખોટું નિહાળવું નહિ, ખોટું સાંભળવું નહિ અને ખોટું બોલવું નહિ, ગાંધી બાપુના ત્રણ વાંદરાનો આ ઉપદેશ છે. અને એ આચરણમાં મૂકાય તો કેવું ? તમે જો નોનવેજ ખાવ એ સોચી સમજી કરેલું પાપ છે. પ્રભુ એ તોલવા મજબૂર છે. પ્રભુજીને આનો જવાબ પૂછવો તો

જરૂરથી કહેશે કે મેં તમને બુદ્ધિથી કુબેરો, વાચા અને દૃષ્ટિ આપ્યા પછી જો આ પાપ આચરાય તો તેમને મજબૂરી એ પાપ તોલવા પડે છે. જેને ક્રિએટ નથી કરી શકતાં એને મારવાનો અધિકાર નથી.

હવે તમે કહેશો કે પાપજે ચોરી કરે, ખૂન કરે, એ પાપ કહેવાય પરંતુ સચરાચરના નાથને મન આગળ જણાવેલા પાપ પ્રથમ શ્રેણીમાં આવે છે. ખૂન અને ચોરી એ મજબૂરી અને આવેશનું કદાચિત પરિણામ ગણી પ્રભુજી તોલશે. તોલાય તો પાપ બધા જ પરંતુ ઉચ્ચતમ પાપ તો સંસ્કારને, સુસંકૃતતાને અને પ્રભુજીનો કુબેરો મળ્યા પછી આચરાય એ પાપની વ્યાખ્યા મહાપાપમાં આવે છે. જો કે પાપની કોઈ વ્યાખ્યા નથી છતાં નિસાસો, હાયકારો, આસુંનો સેહલાબ એ પ્રથમ શ્રેણીમાં આવે છે. શ્રી ગણપતિજીએ માતાપિતાની પ્રદક્ષિણા કરી. માતા પિતાઓની તુલના પ્રભુજી પછીના નંબરે કરી છે.

હવે કદાચિત કોઈના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે કે માતાપિતા બાળકોના પ્રતિ અનાદર કરે છે તો તેનો જવાબ એક જ છે, કેન્સર થયેલા શરીરના પાર્ટને દૂર કરવા ઓપરેશન કરી કાઢી લેવાય છે. રોગ મૂક્ત થવા દવાનો આશ્રો લેવો પડે છે. એજ રીતે માતાપિતાની અવગણના કરનારા બાળકોને રોગના નિવારણ રૂપ તેમના જર્મ્સનો ફેલાવો ન થાય, ન ફેલાય એટલે તેમને મજબૂરી એ દૂર રાખવા પડે છે. છતાંય માતાપિતાનું અંતર એવા બાળકોનું માનસ રોગમૂક્ત પાપ મૂક્ત બને એ માટે પ્રાર્થી રહેતું હોય છે. 'પાપની ચિંગારી' તમારા જીવનને બાળે એ પહેલાં, પ્રભુજી તરફથી મળેલી બુદ્ધીથી વિચારજો કે મન, વચન, કર્મણાથી ક્યારેય પાપ ભૂલથી પણ ન આચરાય એ વિચારજો. પ્રભુજીને પણ ક્યારેય મજબૂરીનો અહેસાસ ન થાય!! જાણે અજાણે આપણા આચરણથી કોઈને પણ દૂખ પહોંચે એ પણ પાપની વ્યાખ્યામાં જ આવે છે. જો કે પાપની કોઈ વ્યાખ્યા નથી અને છતાં તે અવશ્ય પગલાં પાડતું આવે છે. દુનિયામાં જન્મી આનંદની અવધિને માણતાં પ્રભુજીના મળેલા કુબેરાને ધન્યતા આપી માનવી અને મુંગા જીવો પ્રતિનું આચરણ ક્યારેય પાપમય ન બને એ વિચારજો. માંસ અને બિભત્સ ગાળોથી સાત ગજ દૂર રહેશો તો પ્રભુજીના પ્રિયકર બનશો. મન, વચન, અને કર્મણા સ્થિત પાપને દૃષ્ટિમાં ન વસાવજો. પ્રભુજીની પ્રત્યને વફાદારી તે આનું જ નામ છે. તેની દેણગીને તોલી પાપ મુક્ત બની રહેજો. કોઈ પણ ઝાડ હોય, ફળ હોય કે માનવીના શરીર હોય સડો લાગે એટલે કાપી નાંખવા પડે. પાપનો કીડો તમને ફોલી ખાય એ પહેલા પ્રભુજીના પ્રિયકર બનો એજ અભ્યર્થના.

## સારે જગત કો તુંહી સરતાજ

હરિજી સંવારે મેરે સઘરે કાજ
  સઘરે જગતકો તુંહી સરતાજ... હરિજી
મેરે મન લગી મોહિની આજ
  હરિનામકી જપુ માલા દિનન રાત... હરિજી
કિસવિધ ગાઉં બલિહારી તોહરી આજ
  અવિનાશી કે ચરણનકો લાગું પાય... હરિજી
મનમેંહે હરિ દરશન કી આશ
  પૂરણ કીજો હરિ મનકી અભિલાષ... હરિજી
હરિજી સંવારે મેરે સઘરે કાજ
  સઘરે જગતકો તુંહી સરતાજ...

– ઉષા શૈલેષ ધારીયા



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો જાન્યુઆરીનો કાર્યક્રમ વસઈ એક દિવસની પીકનીક - રાખવામાં આવી હતી. જેમાં લગભગ ૧૪૫ બહેનો આવી હતી. અને ત્રણ બસ કરવામાં આવી હતી. એક બસ અમૃતવાડીથી હતી અને બે બસ માતૃમંદિરથી ઉપડવામાં આવેલી. પીકનીક માટે મહિલા વિભાગને એક દાતા તરફથી રૂા. ૧૨,૫૦૦/- મળ્યા હતા એ બીજા દાતા તરફતી રૂા.૧૨,૦૦૦/- મળ્યા હતા એ બન્ને દાતાઓનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

સવારે બસમાં નાસ્તો આપેલો અને બધાને બસમાં ગેમ્સ રમાડેલી. સવારે ૭.૩૦ વાગે ઉપાડેલી બસ ૧૧ વાગે વસઈ પહોંચ્યા ત્યાં પહોંચીને ચા-નાસ્તો આપ્યો હતો. પછી સ્વીમીંગ પુલમાં અને રેઈન ડાન્સમાં બધાને ખૂબ જ મઝા આવી હતી. પછી લંચ લઈને બધાને ગેમ્સ રમાડેલી પછી ચા નાસ્તો અને બીસ્કીટને ન્યાય આપીને બધાને બસમાં જવા કીધેલું અને બસમાંજ જતા જતા રાતનું ડીનર પણ આપેલું બધાને ત્યાં ખૂબજ મઝા આવેલી અને લગભગ ૯ વાગે પાછા ફરેલા. બધા હસતા રમતા છૂટા પડેલા.

**સંયોજક નીલમ પરીખ - ૯૮૬૯૭૫૪૯૧૬**

મહિલા વિભાગનું ૨૦૧૧ થી ૨૦૧૨નું વર્ષનું લવાજમ રૂા. ૧૦૦/- તા. ૬ એપ્રીલને બુધવારે ૩ થી ૪ દરમ્યાન ઓફિસમાં લેવામાં આવશે. અથવા કોઈપણ કમિટી બહેનને આપી શકાશે.

પરિવર્તન કુદરતનો ક્રમ છે જે સતત વિકાસ માટે જરૂરી છે. મહિલા વિભાગને જરૂર છે યુવાન, ઉત્સાહી કાર્યકર્તા બહેનોની તો જે બહેનોને મહિલા વિભાગમાં કાર્ય કરવાની ઈચ્છા હોય તે પોતાના નામ સંયોજક કુંજબાળા શાહ (૯૯૩૦૭૯૪૪૨૯) અથવા કોઈપણ કમિટિની બેહનને આપી શકે છે.

વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રથમ કાર્યક્રમની જાહેરાત માર્ચ મહિનાના જ્યોતિપુંજમાં આપવામાં આવશે. આપનો સાથ અને સહકાર એજ અમારી અભિલાષા.

**- સંયોજક - કુંજ હેમેન્દ્ર શાહ**

# વિવેક ધૈયાશ્રય

વૈષ્ણવને નિશ્ચિત થવા તેમજ જીવનની કેળવણીને ખાતર શ્રી મહાપ્રભુજીએ આ ગ્રંથ રચ્યો. કોના માટે રચ્યો તેનો કોઈ ઉલ્લેખ નથી. તેમાં ૧૭ શ્લોકો છે. ૧ થી ૫ વિવેકના ૬ થી ૯ ધૈર્યના અને ૧૦ થી ૧૭ આશ્રયના છે.

વિવેક, ધૈર્ય અને આશ્રય એ એકબીજાના પોષક છે. જ્ઞાનથી, વિવેક, કર્મથી ધૈર્ય અને ભક્તિભાવથી આશ્રય સિધ્ધ થાય છે. તો જીવે બ્રહ્મસંબંધ લઈ આત્મનિવેદન કરી પ્રભુભક્તિ સ્વિકારી વિવેક-ધૈર્યાશ્રયનો આશરો રાખવો.

વિવેક નવ પ્રકારના છે. જેમકે પ્રભુ સ્વેચ્છાથી જીવનું બધુ કાર્ય પાર પાડશે. જીવને આપવાનું સામર્થ્ય ફક્ત પ્રભુ પાસે છે. પ્રભુના તત્સુખનો વિચારો કરો, પ્રભુ પાસે કશું ન માગતાં લૌક્કિ દુરાગ્રહ છોડી અભિમાન તજી, સ્વદુઃખો સહન કરી વિવેકથી ધર્મ કરવો.

ધૈર્ય ત્રણ પ્રકારના છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ. તો તેમા પણ સ્વદુઃખો સહન કરી, દુરાગ્રહ ન રાખતાં વાસનામુક્ત થવું અને પ્રભુ શરણે જવું.

આશ્રય માટે સર્વ સ્થળે શ્રી હરિની શરણભાવના સ્વિકારવી. કેમકે **सर्वथा शरणं हरि, सर्वाथे शरणं हरि।** શ્રી મહાપ્રભુજીએ આશ્રયમાં બતાવેલ ૧૪ પ્રકારના મદો દૂર કરી પ્રભુમા વિશ્વાસ રાખી લૌક્કિ અહંતા, મમતાનો ત્યાગ કરી પ્રભુસેવાથી પ્રભુનું દાસત્વ સ્વિકારી તેમાંથી સેવક બનવા પ્રયત્ન કરવો.

જીવનું શુધ્ધિકરણ મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોથી થાય છે. વિવેકથી બુધ્ધિનું, ધૈર્યથી ધીરજનું અને આશ્રયથી ચિત્તનું શુધ્ધિકરણ થાય છે. આથી 'વિવેક અને ધૈર્ય જાગે અને ધૈર્યથી આશ્રયનું રક્ષણ થાય છે. કેમકે વિવેક બૌદ્ધિક, ધૈર્ય, માનસિક અને આશ્રય આત્મિક છે. આશ્રય એ વિવેક, ધૈર્યની સાંકળ છે.

આમ પ્રભુસેવા સાથે શ્રીઆચાર્યશરણના ગ્રંથોનું વાંચન, મનન, સત્સંગ કરવાથી વિવેક ધૈર્ય કેળવાય અને આશ્રય દૃઢ બને છે. અશક્ય સુશક્ય બને છે. ટુંકમાં આ કળિયુગમાં કોઈપણ સાધન જીવ માટે સાધક કે સાધ્ય નથી પણ એકમાત્ર વિવેકધૈર્યાશ્રય જ પ્રભુકૃપાથી જીવ માટે સાધ્ય, સાધક બને છે.

**- સૂર્યાબેન દોશી (મલાડ)**

BPL Cup went to Lalkha Tiger's on 6.2.2011 at Police Gymkhana, Marine Lines.

Owner Shri Dilip Lalkha won the Cup. He is the one who had statred cricket in Balasinor & Mumbai from 1959 - 60 onwards.

Incidentaly this year during 26.1.2011 to 29.1.2011 BNS Lalkha team has won all the four matches at Balasinor.

His generous gesture of returing full cash amount of BPL match to his team of 15 players & coach & manager.

**- Secretary - Manjul Dharia**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

જત જણાવવાનું કે સંઘ દ્વારા પ્રકાશિત ક્રિકેટ સોવિનિયરની કોપી જે કોઈ કુટુંબમાં ન લીધી હોય તેઓને વિનંતી કે નીચે જણાવેલ સરનામેથી ત્વરીત મંગાવી લે. જુજ કોપીઓ બાકી છે.

**પરેશ મહેતા** - C/o. બોમ્બે સેલ્સ એજન્સી, ૧૨૭, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦૦૦૩ **મંત્રી - મંજુલ ધારીઆ**

# અન્ન સહાય અને આર્થિક સહાય અંગે

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલિત શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા બાલાસિનોર પ્રગતિ સમાજ શ્રી કોકિલા પ્રવિણચંદ્ર બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના.

ઉપરોક્ત સંસ્થાઓના સહયોગથી પ્રતિ વર્ષ અન્ન સહાય તથા આર્થિક રાહત આપવામાં આવે છે. તા. ૧-૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ના વર્ષ દરમ્યાન પણ સહાય આપવાની છે. આ માટે હાલમાં લાભ લેતાં કુટુંબીજનોએ તેમના ફોર્મ ભરવા જરૂરી છે. નીચેના સ્થળોથી ફોર્મ મેળવી તા. ૨૮-૨-૧૧ સુધીમાં ફોર્મની માંગેલી વીગતો ભરીને આપી જવા વિનંતી છે.

**(૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**
૪૫-૪૯ બાલકૃષ્ણ, બાબુગેનુ રોડ, મુંબઈ-૨

**(૨) શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ**
૯/૯, મહેતા હાઉસ, પંડીત રમાબાઈ રાનડે રોડ, ભવન્સ કોલેજની સામે, મુંબઈ-૪૦૦૦૦૭

**(૩) શ્રી દક્ષેશભાઈ કડકીઆ - કડકીયા એન્ટરપ્રાઈઝ**
૬૮/૭૦, નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ-૩

**(૪) શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ , બાલાસિનોર**

નોંધ : મુંબઈની બહાર તેમજ બાલાસિનોર ખાતે રહેતા જરૂરિયાતવાળા કુટુંબીઓએ પણ ફોર્મ ભરવા જરૂરી છે.

**સંયોજકો : રજની લટકારી - શ્રી વા.દ.ની.ન.યુ. મંડળ**
**ઉર્વીશ મોદી(દેવ) - શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ**

# ગ્રામ સેવા સમાજ, બાલાસિનોર
# કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

પાર્કના નિભાવ અને વિકાસ માટેની દીવાળીના પ્રસંગે કરેલી અપીલના પ્રતિસાદમાં તા. ૨૦-૧-૧૧ સુધી વધુ દાતાઓનો સહકાર મળ્યો છે. સહુ દાતાઓનો આભાર માનીએ છીએ. નીચે મુજબ દાન મળ્યા ઉપરાંત હજુ રૂા. ૨,૫૦,૦૦૦/- (રૂ. અઢી લાખ)ની જરૂર છે. જેથી પાર્કનો નિભાવ અને વિકાસ થઈ શકે. આપ સહુ ફગવા ઉપર બાલાસિનોર જાવ ત્યારે પાર્કનો વિકાસ જોઈ શકશો. સહુને મુલાકાત લેવા અને સૂચનો આપવા વિનંતી.

**લી. રજનીભાઈ ઠાસરાવાળા - મંત્રી**

**રૂ. ૫૦૦૦,**

અન્નપૂર્ણા ફાર્મસ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
હસ્તે : રમણીકભાઈ ધારીઆ
રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા)

**રૂ.૩૦૦૦,**

નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)
જયંતીલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્ટર)

**રૂ. ૨૦૦૦,**

કિરીટકુમાર કાંતિલાલ શાહ (ઉજડાવાળા)
રાગિણી અશોક શાહ (ખડગોધરાવાળા)
ઉષાબેન રજનીકાંત શાહ (ચકવા)
પ્રકાશ નટવરલાલ દેસાઈ (રોજવાવાળા)
પ્રફુલચંદ્ર મોહનલાલ ધારીઆ.
શશિકાંત પુનમચંદ મોદી (ભડકી)
કિરીટકુમાર મણિલાલ ધારીઆ (K.P.)

**રૂ.૧૦૦૦,**

ગોપાલદાસ ભીખાલાલ પરીખ (અધોળી)
રસિકલાલ મુળજીભાઈ દેસાઈ
પ્રવીણચંદ્ર મુળજીભાઈ દેસાઈ.
પંકજ મુળજીભાઈ મોદી (ભઠ્ઠી)
જયંતિલાલ પરસોત્તમદાસ દેસાઈ (પડાલવાળા)
ભારતીબેન ચંદ્રકાંત પરીખ
પ્રફુલચંદ્ર ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા)
નીતીન નટવરલાલ દેસાઈ (નાગર)
નટવરલાલ ઓચ્છવલાલ કડકીઆ (લટકારી)
ચંદ્રકાંત મોહનલાલ ધારીઆ (K.P.)
બીપીન કિર્તનલાલ ડોશી
ઈંદિરાબેન પ્રવીણચંદ્ર પરીખ (ચહાવાળા)

## અભિનંદન

શ્રી કાંતીલાલ પરીખ પબ્લીક પાર્કના બન્ને પ્રવેશદ્વારના નવીનીકરણ માટે નોંધાયેલા દાનઃ

(૧) રૂ. ૧ લાખ અંકે રૂ. એક લાખ શ્રી નગીનદાસ લાલચંદ પારેખ એક પ્રવેશદ્વારના નવીની કરણ માટે

(૨) રૂ. ૧ લાખ અંકે રૂ. એક લાખ શ્રી રતીલાલ વલ્લભદાસ પરીખ બીજા પ્રવેશદ્વાર ના નવીનીકરણ માટે આ અંગે શ્રી સુરેન્દ્રભાઈ આર પરીખના સહકાર બદલ હાર્દીક આભાર

**મંત્રી - રજનીભાઈ ઠાસરાવાળા**

## સુધારો

**લગ્ન પ્રસંગે મળેલ દાનની યાદી ભંડોળ સમિતિ**

જાન્યુઆરી ૨૦૧૧ માસનાં અંકમાં પાના નં.૨૩ પર છપાયેલ વિગતમાં શ્રીમતી ચંદ્રીકાબેન પ્રવીણચંદ્ર શાહ (બેઆની) પૌત્ર-જીગર ૧,૦૧,૦૦૧ હસ્તે શ્રી શૈલેષ પ્રવીણભાઈ શાહ વાચવું.

**- વ્રજેશ દેસાઈ - ભંડોળ સમિતિ સંયોજક**

# શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

## દાતાઓનો સન્માન સમારંભ

દર વર્ષની જેમ ચાલુવર્ષે ટ્રસ્ટને પ્રોત્સાહીત દાન આપનાર સખાવતી દાતાઓનો સન્માન સમારંભ આગામી તારીખ : ૧૩-૩-૧૧ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે હોસ્પિટલના પટાંગણમાં યોજવામાં આવેલ છે. આ પ્રસંગે શ્રી સંતરામ મંદિર ઉમરેઠના પ.પૂ. સંતશ્રી ગણેશદાસજી મહારાજશ્રી આર્શિવચન આપવા પધારશે. સમાજ તથા ટ્રસ્ટના તમામ આજીવન સભ્યોએ સન્માનીય દાતાઓનું ગૌરવ વધારવા અને સમારંભની શોભામાં અભિવૃદ્ધિ કરવા પધારવા હાર્દિક આમંત્રણ છે.

બાલાસિનોરવાસીઓને આ સમારંભમાં હાજર રહેવા આમંત્રણ છે.

**પ્રમુખશ્રી – શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ**

---

**આ છેલ્લી તક છે**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

## હીરક જયંતી પર્વ

## દાતાઓનો સન્માન સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ

**તારીખ :** ૧૨-૩-૨૦૧૧ સવારે ૧૦ કલાકે શનીવાર

**સ્થળ :** ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પ્રાથમિક શાળાનું પટાંગણ પી.વી.વિદ્યાલયની બાજુમાં

**મુખ્ય મહેમાન :** શ્રી મુલજીભાઈ ચંદુલાલ ધારીઆ લાલખાં

**અતિથિવિશેષ :** શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ

**શિક્ષણ એ દરેક વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે**

છેલ્લા -સાઠ-૬૦ વર્ષથી બાલાસિનોરના શિક્ષણક્ષેત્રે સમર્પિત સંસ્થાના હીરક પર્વ પ્રસંગે દાન આપનાર દાનવીરોનું અભિવાદન કરવા આપ સૌને સંમિલિત થવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે. જરૂરથી પધારશો.

- - -

અને હા, હજુ તમારો માંહ્યલો સંસ્થાના આ કામમાં સહાયરૂપ થવા આર્થિક યોગદાન માટે પ્રેરણા આપે તો જરૂર તમારો ઉદાર હાથ લંબાવશો. હાલપૂરતી આ છેલ્લી તક છે.

**સંપર્ક : જતીન દેસાઈ (મંત્રી) પ્રવીણ દેસાઈ (પ્રમુખ)**

**સુજાતી ઈલેકટ્રીકલ એન્ટરપ્રાઈઝ**, ૪૨, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨ ફોન : ૨૨૦૬૦૦૯૦

# KADAKIA ENTERPRISE BPL T-20 TROPHY 2010-11

CRICKET HAS CHANGED IN BALASINOR SINCE THE ADVENT OF BALASINOR PREMEIR LEAGUE. THIS TOURNAMENT HAS HELPED A LOT OF PEOPLE MAKE NAME FOR THEMSELVES & GOT OUR COMMUNITY A LOT NEARER. IT HAS SURELY BEEN A GREAT SUCCESS. AS EVERYONE KNOWS THERE WERE SIX TEAMS IN THIS TOURNAMENT. FOUR TEAMS (BALASINOR LIONS, RED BULLS, LALKHA TIGERS & APEX WONDER BOYS) MADE IT TO THE SEMI FINAL.

IN THE FIRST SEMI FINAL BALASINOR LIONS DEFEATED RED BULLS & IN THE SECOND SEMI FINAL LALKHA TIGERS DEFEATED APEX WONDER BOYS.

THE GRAND FINAL BETWEEN LALKHA TIGERS & BALASINOR LIONS WAS PLAYED ON 6$^{TH}$ FEB 2011 AT POLICE GYMKHANA UNDER FLOOD LIGHTS. THIS MATCH WITNESSED A RECORD AUDIENCE OF APPRX. 350 PEOPLE.

BALASINOR LIONS WON THE TOSS & DECIDED TO BAT FIRST. THEY SCORED 157 IN THEIR 20 OVERS WITH GREAT BATTING FROM THEIR CONSISTENT PERFORMER IN THIS SERIES RIKIT MODY WHO SCORED 70 RUNS. RUPESH MODY ALSO CHIPPED IN WITH 41 RUNS. FOR THE LALKHA TIGERS VISHAL JARIWALA BOWLED EXCELLENTLY TO CHIP IN WITH 4 WICKETS.

LALKHA TIGERS AT ONE STAGE WERE REELING AT 65/6 BUT FROM THERE ON VISHAL JARIWALA & NIRAV DESAI TOOK THE CHARGE & WITH AN EXCELLENT BATTING FROM VISHAL JARIWALA 49 NOT OUT, THEY WON THE MATCH WITH 3 BALLS TO SPARE.

**MAN OF THE MATCH IN THE FINAL** --- VISHAL JARIWALA.

**BEST CATCH IN THE FINAL**
ASHWIN KARKERIA

**MAXIMUM SIXES IN THE FINAL** – VISHAL JARIWALA.

## THE PRESTIGIOUS AWRADS WERE AS FOLLOWS ---

**BEST BATSMAN OF THE SERIES ---** RIKIT MODY

**BEST BOWLER OF THE SERIES** --- PANKAJ KADAKIA

**MAN OF THE SERIES**
-VISHAL JARIWALA.

THUS LALKHA TIGERS WON THE FIRST EDITION OF KADAKIA ENTERPRISES BPL T-20 TROPHY.

CONGARTULATIONS TO SHRI DILIP DHARIA THE OWNER OF LALKHA TIGERS & TO THEIR CAPTAIN NIRAV DESAI AS WELL AS HIS ENTIRE TEAM.

**BPL CONVENER --- KINJAL PARIKH**

# LALKHA TROPHY 2010-11

The lalkha trophy 2010-11 was held in Balasinor from 26th-29th January 2011. We tasted great success by winning the series 4-0.

The first match was played on 26th Jan against the SARVODAYA TEAM in which we won the toss & decided to make first use of the pitch. Shiten Kadakia & Rikit Mody gave us a fabulous start with an opening partnership of 51 Runs, scoring 24 runs & 28 runs respectively. But we lost wickets at regular intervals & ended on 132 Runs in 35 overs. When it came to fielding we did well by restricting them to 55 Runs for 7 wkts but later on a partnership of 34 runs for 8th wkt & 39 for 9th wkt saw the match almost slip out of our hand. But a sudden run-out from no where got us the much needed breakthrough & we scalped the last wkt to win the match by 3 Runs. Jigar Parikh bowled brilliantly & deserved the Man of the Match for his bowling figures of 7-1-24-4. He was well supported by Apurva Dharia who took 2 wkts of both the openers & by Nirav Desai who took 2 wkts in the middle order. Shamik Shah also chipped in with 1 wkt. Series read as 1-0.

Final Result ---- BNS TEAM 132 RUNS all out & SARVODAYA TEAM 129 RUNS all out. BNS WON BY 3 RUNS.

The second match was played on 27th Jan against the COLLEGE TEAM. This was a first match awarded to College Team after few years. The Principal MR M.P.MACHI showed a kind gesture by organizing the breakfast & lunch at ground for our team & visitors. I thank him for his kind hospitality & assure that we will try to reciprocate this gesture whenever given hance in future. The toss was won by the College Team & they decided to bat first. Their openers played well to score a partnership of 45 runs for the first wkt but once the break through was achieved they lost wkts regularly to get all out for a meager 94 Runs. Jigar Parikh again continued his form of the previous day & almost wiped of the entire team by getting match winning figures of 6.4-1-26-6. Truly the Man of the Match. He was very well supported by Sandeep Dharia who took 3 wkts. Shamik Shah also got 1 wkt for his effort. Since it was a very low total to chase the pressure was not much on our team & we convincingly won the match by 8 wkts. Rikit Mody again played a classy innings of 41 runs not out to guide us to victory & the Series now read as 2-0.

Final Result ---- COLLEGE TEAM 94 RUNS all out & BNS TEAM 95 RUNS for 2 wkts. BNS WON BY 8 WKTS.

The third match was played on 28th Jan against BABI XI. This has always been the most anticipated match of the series & everyone was looking forward to perform in this match. It has always been an even contest against them although we have been having an upper hand for the last few years. The toss was won by Babi Team & they decided to take the knock first. Shamik Shah gave us an early break but the 2nd wkt partnership slowly consolidated their position & got them to 50 Runs. This was when our trump card Jigar was introduced & he completely mesmerized the opposition team with his bowling ending with magical figures of 8-1-36-6. The Babi Team was routed for 136 Runs.

One thing our team knew was not to get complacent as we knew that a win would give us the series also. So we played

very well even after losing the 1st wkt, we had a good partnership of 64 runs between Rikit Mody (36 Runs) & Chirag Desai(50 Runs not out) which won us the match in 21 overs. A convincing victory with a worth watching innings from Chirag Desai. Jigar Parikh was again the Man of the Match for the 3rd consecutive time. Series was won & read as 3-0.

Final Result ---- BABI XI 136 RUNS all out & BNS TEAM 137 RUNS for 3 wkts. BNS WON BY 7 WKTS.

The fourth match was played on 29th January against PATEL TEAM. Even though this was the last match our boys wanted to go for the kill & take a clean sweep of 4-0. So they were not going to take this match easily. This time we won the toss & decided to bat first. Shiten Kadakia gave a good start by scoring 46 Runs & a good partnership developed with Chirag Desai(23 Runs). But then came that enterprising knock of 59 Runs in 52 Balls from Sandeep Dharia which changed the entire course of the match. Ripal Parikh also gave the score a great respectability by scoring 25 Runs of 25 Balls. We ended with a convincing score of 194/7 in 40 overs. The Patel team did make a great fight by getting regular partnerships & were definitely going well till 151 Runs when suddenly Ashwin Karkeria took a brilliant catch for the important 7th wkt & then on they were all out for 167 Runs. Thus we won the match by 24 Runs. Once again Jigar Parikh was the pick of all bowlers with his spell of 7-1-35-4. Series now won 4-0.

Final Result ---- BNS TEAM 197 RUNS for 4 wkts. PATEL TEAM 167 RUNS all out. BNS WON BY 24 RUNS.

OUSTANDING PERFORMANCES OF THE SERIES

(1) JIGAR PARIKH -- First time in the history of a four match series, any bowler has taken 20 wickets.
BEST BOWLER OF THE SERIES.

(2) RIKIT MODY --- 110 runs in matches.
BEST BATSMAN OF THE SERIES.

(3) JIGAR PARIKH
MAN OF THE SERIES.

**SUPPORTED PERFORMANCES**

(1) CHIRAG DESAI —
80 runs in 3 matches.
BEST BATTING AVERAGE.

(2) SANDEEP DHARIA —
83 runs & 4 wkts in 4 matches.
ALL ROUND PERFORMANCE.

(3) SHITEN KADAKIA
89 runs in 4 matches.

(4) SHAMIK SHAH
5 wkts in 4 matches.

(5) NIRAV DESAI
4 wkts in 4 matches.

(6) APURVA DHARIA
3 wkts in 3 matches.

What a great series this was, as we got a clean sweep 4-0 in Balasinor after a long time since we last made it in 2003.

Congratulations to the Captain NIRAV DESAI, Manager SANJEEV DHARIA, Coach SAMIR. R. DESAI & their fabulous team. The entire team played as a unit under their guidance.

I would like to take this opportunity to thank SHRI DILIP BHAI LALKHA as it is under his trophy that our boys are getting an opportunity to show their talent & make a name for themselves in Balasinor.

I very well know that it is a team effort but I would like to thank my two committee members NIRAV DESAI & NIHAR KADAKIA, for their superlative effort of

going a few days in advance & handling all the difficulty in getting a new pitch ready at a new venue. It not an easy effort & it is because of their hard work that this series has been played & success has been achieved.

A special thanks to committee member SAMIR DHARIA for his effort in organizing the entire off the field work.

Thanks to all the visitors who came there to cheer our team & also helped in all the out of the field work as & when required.

Special thank to SUKETU PARIKH for agreeing to umpire in the 2nd match between COLLEGE TEAM & BNS TEAM as they were short of umpire.

Thanks to NILPESH MODY who did scoring for all the 4 matches. It does require patience to sit & do a job which is not actually meant for you.

Thanks to SAMIR.R.DESAI for his co-sponsorship of t-shirt in the name of IMPEX ENGINEERING & also his kind gesture of awarding cash prize for best batsman & bowler in every match.

Thanks to our Manager SANJEEV DHARIA for guiding this team well, Coach SAMIR.R.DESAI for putting in extra efforts to work on the fielding aspect of our team & NIRAV DESAI for leading the team well.

**BNS CONVENER KINJAL PARIKH**

## શ્રી કમલાબહેન પરિવાર તરફથી

## સપ્રેમ શ્યામ સુંદર

શ્રી યમુના મહારાણી કી જય
શ્રીજી બાવાના તમે પ્રિયતમ પ્યારા પટરાણી કહેવાયા
શ્રી મહારાણી મા કુંમકુંમના પગલે પધારો.
કરમાં કમળની માળા લઈને પધારો.
મંગળ ઉમંગે અમારે આંગણે પધારો..શ્રી મહારાણીમા
લાખો ઉપકાર તમારા કેમ રે વિસરાયમાં
બેઉ કર જોડી માગુ સદા ચરણોમાં રાખો ...
શ્રી મહારાણી મા કુંમકુંમના પગલે પધારો.
નમી નમીને નિત્ય વંદન કરીએ
પલકાર અમારી ઝણકારી અમારી સુનજો..
શ્રી મહારાણી મા કુંમકુંમના પગલે પધારો.
રિઝવ્યા અહર્નિશ ભક્તિ ભાવે
વાહાલા દુર્લભ એવી સુલભ ભક્તિ આપો
રસરૂપ સેવા અને દિનનાભાવે શ્રી મહારાણીમા
તનુ વિત્તમ માનસી સેવા અંગીકાર કરો...
શ્રી મહારાણી મા કુંમકુંમના પગલે પધારો.
રહસ્ય પૃષ્ટીરસનું સ્નેહથી પાન જ કરીએ
ફળ ફૂલ પુષ્પની દિવ્યવૃષ્ટિ કરીએ...
શ્રી મહારાણી મા કુંમકુંમના પગલે પધારો.
થીનહીન હૈયામાં શ્રદ્ધાના દિપ પ્રગટાવીએ
સતસંગી વૈષ્ણવની કૃપાની યાચના કરીએ..
શ્રી મહારાણી મા કુંમકુંમના પગલે પધારો.
પ્રેમભાવે દિપ દાસી તમારી આરતી ઉતારે
મહામંત્રનું સદા રટણ કરીએ
વિનંતી અમારી સુણજો..
શ્રી મહારાણી મા કુંમકુંમના પગલે પધારો.

**– દિપીકા પ્રદીપ ધારીઆ**

## મોહ માયાનો

શ્રી કૃષ્ણ તોલાય તુલસીથી,
ના તોલાયા અલંકારોથી (અહંકારથી)
છતાંય માનવી, નથી છોડતો ‘મોહમાયાનો’ (૧)
અંત સમયે, અંગે રહે(જો) અલંકાર,
તે લઈ ફક્ત મુખમાં દેશે તુજને તુલસી (૨)
જાણવા છતાં મોહ નથી છુટતો માયાનો,
તું શું લઈ સંગાથે, છોડશે દેહ તારો ? (૩)
મારું, મારું કરતો રહીશ, આત્મા ભટકતો રહેશે !
ફક્ત ખોળીયા રૂપી દેહ, સળઘી રાખ થાશે ! (૪)
ભાન થયું જે દિથી, ભૂલી જા સંસાર,
વમળ ચક્રમાં અટવાશે, ના આવે કો સંગાથ (૫)
‘શ્રી કૃષ્ણ શરણં મમં
રટણ કર તું જે દિથી જાગ્યો તું,
શરણે જઈ, ચરણે પડી, કરીલે ઉધ્ધાર તું (૬)
શ્રી કૃષ્ણાને અર્પણ

**‘ચાંદશા’ – ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## બાલાસિનોર વિદ્યામંડળ આયોજિત

## જાહેર પ્રવચન

## ભાવભીનું આમંત્રણ

સંગીતા કિરણ દોશી ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત પ્રવચનમાં **આગામી મણકો**

**તારીખ** : **રવીવાર તા. ૧૩ માર્ચ ૨૦૧૧**
**સમય** : **સાંજે ૫ થી ૭**
**વક્તા** : આદરણીય ડૉ. બાલકૃષ્ણ હિંમતલાલ જોષી
**વિષય** : શ્રી કૃષ્ણ અને જીવનની અખિલાઈ
**સ્થળ** : તળાવ પાસે, લાયન્સ હોલ, બાલાસિનોર

**નિમંત્રકો**

**પ્રમુખશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ**
**તથા મંત્રીઓ બાલાસિનોર વિદ્યામંડળ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

## બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળ અને ટ્રસ્ટ સંચાલિત વિવિધ શૈક્ષણિક યોજનાઓ પૈકીની બે યોજનાઓ પોતાની ઓળખ માંગે છે. સમાજનાં દાતાઓને આગ્રહભરી અપીલ કરીએ છીએ, આપના પ્રિયજનના નામ આપી ભવિષ્યનાં દાતાઓનાં ઘડતરમાં સહભાગી બનો.

દાતાઓને આવકારતી યોજનાઓ

૧ Higher Education Scheme
₹ ૧૧,૦૦,૦૦૦/-

૨ Post Graduate Education Scheme
₹ ૭,૫૦,૦૦૦/-

ચાલુ માસ દરમિયાન મંડળને સમાજનાં દરિયાદિલ દાતાઓ તરફથી નીચે મુજબ દાન પ્રાપ્ત થયાં છે.

૧ શ્રી કાર્તિક રસિકલાલ કડકીઆ (RR)
₹ ૧,૦૦,૦૦૦/-

૨ શ્રી અશોક રસિકલાલ ધારીઆ (બલબલ)
₹ ૨૫,૦૦૦/-

૩ શ્રીમતી ઉર્મિલાબેન અનિલકુમાર ધારીઆ (બલબલ)
₹ ૨૫,૦૦૦/-

૪ શ્રી સચીન પ્રવિણચંદ્ર ગાંધી
₹ ૨૧,૦૦૦/-

૫ શ્રી રશ્મિકાંત મોહનલાલ શેઠ (અત્તરવાળા)
₹ ૨૧,૦૦૦/-

૬ શ્રી પ્રબોધ રસિકલાલ કડકીઆ (હાલોલવાળા)
₹ ૨,૫૦૧/-

સમાજ અને મંડળ વતી અમે સર્વે દાતાઓનાં આભારી છીએ.

આ ઉપરાંત મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂ.૧૦.૦૦૦/- ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા દાતાઓને પણ અપીલ કરીએ છીએ. દાતા તરફથી મેળવેલ રૂ. ૧૦,૦૦૦/-ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે. આજ દિન સુધી મંડળને રૂ. ૧૦,૦૦૦/-ના એક એવા અનેક યુનીટ પ્રાપ્ત થયા છે, આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**કિરીટભાઈ રમણલાલ કડકીઆ (મલમ)**
**શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રીઓ**

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

અમને જણાવતા અત્યંત આનંદ થાય છે કે શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકીયા તરફથી ઉપરોક્ત ટ્રસ્ટને ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શિક્ષણ સહાય માટે રૂા. ૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરાનું દાન તેમના માતાપિતા તારાબહેન અને શાંતિલાલ છોટાલાલ કડકીયાની પુણ્યસ્મૃતિમાં મળેલ છે. અગાઉના રૂા. ૫૦,૦૦૦/- હજાર ગણાતા દાનની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ પુરા)ની થાય છે. ટ્રસ્ટ દાતા પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

**કીરીટ રમણલાલ કડકીઆ (મલમ)**
**શરદ નટવરલાલ દેસાઈ**
**માનદ્મંત્રીઓ**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ
# ઉત્સવોનો ઉત્સવ શ્રી ફગવા ઉત્સવ

શ્રી વાડાસિનોરના દશાનિમા વૈષ્ણવો,
સર્વેને જય જય શ્રી ગોકુલેશ.

ઉપરોક્ત ગોકુલેશ સમાજ વર્ષોથી ઉત્સવોનું આયોજન કરે છે. આ વર્ષે પણ શ્રી ફગવાનું આયોજન અનેરા ઉત્સવથી કરવા વિચાર્યું છે.

## શ્રી ફગવા ઉત્સવ

સં. ૨૦૬૭ના ફાગણ સુદ ૧ને શનીવાર તા. ૫-૩-૧૧ના દિવસે આ ઉત્સવ ઉજવવામાં આવશે.

## સ્થળ :-

શ્રી લાડવાડી, સી.પી.ટેંક, મુંબઈ - ૪૦૦૦૦૪

## મનોરથી :

આ ઉત્સવના ભાગ્યશાળી મનોરથી સુરેશભાઈ ચીમનલાલ ધારીયા (બલબલ) તથા તેમનો પરિવાર છે.

## રંગે રસીયા :-

શનીવાર તા. ૫-૩-૧૧ બપોરે ૨.૩૦ કલાકે મનોરથીના નિવાસ સ્થાન ૨૦૨, સપના સોસાયટી, અગર બજાર, એસ કે બોલેરોડ, સિદ્ધિવિનાયક મંદિરની આગળ, દાદર, મુંબઈ-૨૮

## કળશનો વરઘોડો

તેજ દિવસે સાંજે ૬.૧૫ કલાકે સત્સંગની રૂમ અમૃતવાડી, વી.પી.રોડ,થી વરઘોડો નીકળી લાડવાડી જશે.

## શ્રી ફગવા મનોરથ

આ પ્રસંગે સાંજે ૭.૩૦ કલાકે મનોરથીનું તેમજ તેમના કુટુંબીજનોનું સમાજ તરફથી સન્માન કરવામાં આવશે.

તેજ દિવસે સાંજે ૭.૪૫ કલાકે બાલાસિનોરના સમસ્ત વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર લાડવાડીમાં પ્રસાદ લેવા અમારૂં ભાવભીનું આમંત્રણ છે.

તો આપ મુંબઈ તથા પરાવાસી બધાજ દશાનિમા વૈષ્ણવો બંને સત્સંગ મંડળના બહેનો તથા આમંત્રિત સ્વજનોને ફરી ફરીને વિનંતી કરીએ છીએ કે પ્રસાદ લેવા જરૂરથી પધારશો.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજવતી.**
**શ્રી બીપીન કીરતનલાલ દોશી મંત્રી**

તેમજ મનોરથી
સુરેશભાઈ ચીમનલાલ ધારીયા (બલબલ), અશોકભાઈ, દક્ષેશ, કલ્પેશ, રૂપેશના જય જય શ્રી ગોકુલેશ

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **હર્ષદ બાબુલાલ ગાંધી**
૩/૩૫ નીલકમલ કો.ઓ.હા.સો.લી.
પદ્મ ટેકરી, પેડર રોડ, મુંબઈ - ૪૦૦૦૨૬
ટેન. ૨૩૫૧૩૦૨૨

૨. **વિજય ઓ. કડકીઆ**
૩૨એ, ૩જે માળે, એ વિંગ, એમ્પાયર સ્ટેટ,
કેમ્પસ કોર્નર, મુંબઈ - ૪૦૦૦૩૬

૩. **વસંત કે પરીખ**
મેય ફલાવર પાર્ક, બ્લોક એ, ફલેટ નં.૪૧૧
મલ્લાપૂર હૈદરાબાદ - ૫૦૦૦૭૬

૪. **જીતેન્દ્ર ચીમનલાલ કડકીયા (ફાફા)**
**ઈલા જીતેન્દ્ર કડકીયા**
ધ સુવર્ણા અમૃત કો.ઓપ. હા.સો.લી.
બી/૧૭, તારદેવ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭
ફોન : ૨૩૮૫૨૨૧૧
જીતેન્દ્ર કડકીયા - ૯૮૨૦૦૯૭૦૮૯
ઈલા કડકીયા - ૯૮૨૦૦૭૭૫૮૫

૫. **અનીલ અંબાલાલ દેસાઈ**
૪૦૩, દિવ્ય ચિંતન કો.ઓપ.હા.સો.
ગણેશ ચોક, ૯૦ ફિટ રોડ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
ફોન - ઘર - ૬૫૭૩૨

૬. **સૌમીલ મોદી**
'ડી' વિંગ, ફલેટ નંબર - ૭૦૬
વૃંદાવન સોસાયટી, રામબાગ લેન
ઓફ એસ.વી. રોડ, વિજય સેલ્સ પાછળ
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨

૭. **Kirit Kirtanlal Dharia**
164 Taralea Green N-E CalGary,
AB T3J-4Y4 CANADA
(403) 255-8318

## લગ્ન નોંધ

૧. **જીતેન** અજીત પરીખ (ધબેલા)
**નેહા** નવીનભાઈ શાહ

૨. **સાહિલ** પરેશ રમણીકલાલ દેસાઈ
**ચાર્મી** ઉદય નવનીતલાલ શાહ

૩. **ભુમિકા** શૈલેશ કડકીઆ (ધંગેલા)
**રાકેશ** કૈલાશ નારાયણ અવસ્તી

૪. **મીતુલ** શૈલેશ કડકીઆ (ધંગેલા)
**ગૌરી** સીતારામ દેવી પ્રસાદ

૫. **કૃનાલ** બિપીન શાહ (હાથીખાનાવાળા)
**અપેક્ષા** અશ્વિન તલાટી

૬. **નિધી** કૌશીક કડકીયા
**આતમન** નિમિષ ઠાકોરે

૭. **ચીંતન** અશીત દેસાઈ (દેડકી)
**સિધ્ધીકા** પ્રવીણભાઈ ઝવેરી

## મૃત્યુ નોંધ

| | **ઉંમર** |
|---|---|
| રમેશચંદ્ર મોજીલાલ ધારીયા (અમેરીકા) | ૭૪ |
| પુનીતા જય ભટ્ટ | ૨૮ |
| અર્ચીશ જયકુમાર મોદી | ૩૪ |
| સુર્યાબેન (ગીતાબેન) મનહરલાલ ગર્જર | ૭૬ |
| રસિકલાલ રમણલાલ કડકિયા (આર.આર.) | ૮૨ |
| પંકજ નવનીતલાલ પરીખ (બખલી) | ૬૪ |
| શાંતાબેન રમણલાલ ધારીઆ | ૮૭ |
| બાબુલાલ ચંદુલાલ મોદી (પેપરવાળા) | ૮૭ |
| કુસુમબેન નવનીતલાલ પરીખ | ૭૬ |
| શાંતીલાલ મોજીલાલ શાહ (ખડગોધરાવાલા) | ૯૪ |

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

**3rd Cover Page**



રનર અપ ટ્રોફી સ્વિકારતા ટીમ ઓનર તથા કેપ્ટન



બી.પી.એલ. ટ્રોફી તથા મેડલ



ફાઈનલ મેચ રમનારી બે ટીમોના ડ્રેસ તથા સોવિનિયર